## ગાંધીનગર મને ગમે છે...



**ડો. ઋષિકેશ દવે**

મારા વહાલા ગાંધીનગર ના નામ માં આપણા સહુના ગાંધીબાપુ છુપાયેલા છે. ગાંધીનગર ભારત નું બીજા નંબરનું સુઆયોજીત નગર છે.

ડો જીવરાજ મેહતાના સૂચનથી નામકરણ થયું અને ૨ ઓગસ્ટ ૧૯૬૫ ના રોજ સ્થાપના થઈ. શરૂઆતના વર્ષોમાં આ નગર ફક્ત ઈંટો અને સિમેન્ટ, જી આર અને સી આર માં અટવાયેલુ, બારાખડી અને અંકગણિતથી વિભાજીત હતું પરંતુ ધીરે ધીરે એમાં પ્રાણ પુરાયો.કળી માંથી ફૂલ પાંગરવા માંડ્યું. પ્રાણ ફૂંકવા માટે ગાંધીનગરની સામાજિક સંસ્થાઓનું બહુ મોટું યોગદાન રહ્યું છે. ગાંધીનગર કલચરલ ફોરમ નો સિંહફાળો રહ્યો છે. ફોરમના ગરબા જેની લોકો આતુરતાથી રાહ જુએ કયારે નવરાત્રી આવે અને મન મોર બની થનઘાટ કરે! મારી દીકરી / ગાંધીનગર ની તમામ દીકરીઓએ મન મૂકી ને ગરબા માણ્યા.

મારી વાત કરું તો પપ્પાની બદલી અંજારથી ગાંધીનગર પોસ્ટમાસ્ટર તરીકે થઈ, સેક્ટર ૨૨માં સરકારી મકાન માં રહેવાનું. સરકાર તરફથી મકાનની દીવાલ પર પિક્ચર બતાવે તેમાં પણ બહુ મજા હતી. આંખો બંધ કરતા જૂની યાદો મન ને પ્રફફુલિત કરી દે છે. ગાંધીનગર મને બહુ જ ગમે છે ! અહીં ના ગમતું કશું જ નથી. આનંદમ સર્વત્ર આનંદમ. મન પુલકિત પુલકિત.

સેક્ટર ૨૯ માં વિજ્ઞાન કોલેજ કુલ સંખ્યા ૧૦૮ પ્રિસાંયન્સ માં ૪૮ વિદ્યાર્થી, અધ્યાપકો પ્રેમ અને ખંતપૂર્વક ભણાવતા તેથી મારા સહીત ૧૪ એ મેડિકલ માં પ્રવેશ મેળવ્યો અને તબીબ થયા. મારા જિંદગી માટે ગાંધીનગર દીવાદાંડી સમાન રહ્યું. સેક્ટર ૧૭ના વીમાયોજના દવાખાના માં ફરજ બજાવી, કામદારોની સેવા કરી તબીબ તરીકે નું ઋણ ચૂક્યું તેનો આનંદ અનેરો છે .

કુદરત ની મહેર થી મારુ નગર લીલુંછમ સદાય રહેશે ! નગરનો વિકાસ પણ બહુ ઝડપથી થઇ રહ્યો છે. નવા ફલાયઓવર, અંડરપાસથી નગર દોડતું થયું જે સમયની માંગ છે પરંતુ અફસોસ ઘણી જૂની યાદો ભુલાઈ રહી છે. હાલની નવી યાદોમાં ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન ! અદભુત! નવી પરિકલ્પના સાથે બનેલ છે. નગરજનો ને અભિનંદન

અક્ષરધામ, પંચદેવ મંદિર, વૈજનાથ મંદિર અને સિદ્ધિવિનાયક મંદિરો લોકો માં ધાર્મિકતા અને સંસ્કાર સિંચનનું અમૂલ્ય કામ કરી રહ્યા છે. કોઈનું પણ નહિ છતાં સૌનું એવું ગાંધીનગર માં વિવિધતા થી ભરેલા લોકો રહે છે પણ સારા નરસા સમયે તમામ એક બીજાને મદદ માટે તત્પર !

દેશ જાઓ પરદેશ જાઓ પણ ધરતી નો છેડો ઘર! અને એ ઘર પણ ગાંધીનગર માં છે.તેથી હું અને પરિવારજનો ખુશહાલ જીવન પસાર કરી રહ્યા છીએ !

ગાંધીનગર તુજે સલામ!

# શહેરમાં ગ્રીન નેટનું વેચાણ વધ્યું

## માણસોથી માંડી છોડવાઓ અને પશુ-પક્ષીઓ માટે ઉનાળુ તડકામાં ગ્રીન નેટ સહાયરૂપ બનશે

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં તડકાનો પ્રકોપ વધી રહ્યો છે ત્યારે શહેરીજનોએ ઘરની આસપાસ ગ્રીન નેટ



બાંધવાનું શરૂ કરી દીધું છે. કેટલાક મકાનોમાં દિવસભર સીધો તડકો પડતો હોવાથી અસહ્ય ગરમી અનુભવાતી હોવાના કારણે ઉનાળાના પ્રારંભથી જ ગ્રીન નેટની વ્યવસ્થા કરી મુકી હોય છે.

શહેરના બજારોમાં ગ્રીન નેટનું વેચાણ જથ્થાબંધમાં જોવા મળી રહ્યું છે. જેમાં મકાનની આસપાસ, આગાસીમાં તથા બારી-બારણાની વિવિધ ગ્રીન નેટ મળી રહી છે. આ સાથે જ ઉનાળા દરમિયાન વૃક્ષોને પણ અસહ્ય તડકાથી બચાવવા માટે ગ્રીન નેટનો સહારો આપવામાં આવે છે. નાના છોડવાઓ વધુ પડતા તાપના કારણે ઝડપથી સુકાઈ જતા હોય છે. તેથી નાના છોડવાઓ માટે પણ ગ્રીન નેટનું વેચાણ માર્કેટમાં થઈ રહ્યું છે. આ ગ્રીન નેટના કારણે ગરમીથી રાહત મળી રહે છે.

પશુ-પક્ષીઓને આગ ઓકતી ગરમી સામે રક્ષણ આપવા માટે પાણીનો છંટકાવ, કુલર, ગ્રીન નેટની વ્યવસ્થાઓ પ્રાણી સંગ્રહાલયમાં કરવામાં આવે છે. શહેરમાં સેક્ટર-૨૧ના માર્કેટમાં સ્પેશ્યલ ગ્રીન નેટનું વેચાણ જોવા મળી રહ્યું છે. ઉનાળા દરમિયાન બાગ-બગીચા અને વરંડામાં ચોતરફ ગ્રીન નેટ લગાવવામાં આવતી હોય છે. તેથી માર્કેટમાં ઉનાળાના પ્રારંભથી જ ગ્રીન નેટનું વેચાણ શરૂ થઈ ચુક્યુ છે. ફૂટપાથ પર ગ્રીન નેટનો ધંધો કરતા વેપારીઓ દ્વારા દુકાનોમાં મળતી ગ્રીન નેટ કરતા ઓછા ભાવમાં વેચતા હોવાથી તેઓને ફાયદો થતો હોય છે. ઉનાળામાં વેપારીઓ દ્વારા કરવામાં આવતા સીઝનલ ધંધામાં ખૂબ નફો થતો હોય છે. ઉનાળુ સિઝનમાં ગરમીથી રાહત મેળવવા માટે એસી, કુલરની ઠંડકની સાથે સાથે ગ્રીન નેટનું પણ મહત્વ વધી જાય છે. ધગધગતી ગરમીમાં વાહનોને જો કોઈ તડકામાં મુકવામાં આવે તો વાહનો પણ તડકામાં તપી જાય છે. ક્યારેક તો એટલો તાપ પડતો હોય છે કે વાહનોમાં સીટ પણ ફાટી જતી હોય છે. ત્યારે વાહનો માટે પણ ગ્રીન નેટનો સહારો લઈ શકાય છે. ગ્રીન નેટના સેડ બાંધીને નીચે વાહન પાર્ક કરી શકાય છે. આમ ગ્રીન નેટના ઉનાળામાં ખૂબ જ ફાયદા થઈ શકે છે. શહેરમાં વૃક્ષોના કારણે લીલોતરી તો હોય જ છે જેમાં દરેક મકાનો અને બાગ-બગીચાઓમાં ગ્રીન નેટ બંધાતા આખુ શહેર ગ્રીનરીમય થઈ જાય છે.



# બોરીજ ખાતે વિશ્વ ક્ષયદિન નિમિત્તે વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

વિશ્વમાં દર વર્ષે ૨૪ માર્ચે વિશ્વ ક્ષય રોગ દિવસની ઉજવણી થાય છે. આ દિવસના માધ્યમ થકી મુખ્યત્વે ટીબીને કારણે



કોઈનું મોત ન થાય, ટીબીની સારવાર દરેક રોગીને ઝડપથી મળી રહે, ઝડપી અને સસ્તા ક્ષયનાં ટેસ્ટ, ક્ષય સામે રક્ષણ આપતી રસી અને ક્ષય મુક્ત વિશ્વનાં હેતૂઓને સાર્થક કરવાના પ્રયાસ થઈ રહ્યાં છે. આ દિવસનો મુખ્ય હેતુ ક્ષય સામે જાગૃતિ લાવવાનો અને ક્ષયને નાબૂદ કરવાના પ્રયાસોને વેગ આપવાનો છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર (DLSA)ના નેતૃત્વ હેઠળ સ્વૈચ્છિક અને માનદ સેવાઓ આપતા પારા લીગલ વોલ્યુન્ટીયરસ પીએલવી કાંતિલાલ વોરા અને અનિલ કક્કડના પ્રયાસો થકી વિશ્વ ક્ષય રોગ દિવસે સરકારી પ્રથમિક શાળા, બોરીજ, ગાંધીનગર ખાતે શાળાના વિદ્યાર્થીઓ માટે એક કાર્યક્રમનુ આયોજન થયુ હતુ.

કાર્યક્રમના મુખ્ય પ્રવક્તા અનિલ કક્કડે જણાવ્યુ હતુ કે ડૉ રોબર્ટ કોચ એ બર્લીન (જર્મની) ખાતે સને ૧૮૮૨ની ૨૪ માર્ચે સૌ પ્રથમ પોતે ક્ષય રોગ માટે કરેલ સંશોધનોની વિગતો દુનિયાભરના વૈજ્ઞાનિકો સમક્ષ મુકી હતી તે પછીથી તે ક્ષેત્રમા સંશોધનોના દ્વાર ખુલી ગયા હતા. જેના એક્સો વર્ષ પછી થી ૧૯૮૨થી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) દ્વારા ૨૪ માર્ચ ના દિવસ ને વિશ્વ ક્ષય રોગ દિવસ તરીકે માન્યતા આપી હતી.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) મુજબ દર વર્ષે દુનિયામાં કુલ કેસોમાં ત્રીજા ભાગના કેસો ભારતમાં નોંધાય છે અને આપણા દેશમાં આ રોગથી વર્ષે અંદાજે ૪,૫૦૦૦ લોકો મૃત્યુ પામે છે. WHO અનુસાર, વિશ્વભરના ટીબીના દર્દીઓમાંથી ૨૪ ટકા ટીબીના દર્દીઓ ભારતમાં જ છે. ટીબી એક ચેપી બીમારી છે પરંતુ લાઈલાજ નથી. જે હવામાં હાજર માઈકોબેક્ટેરિયમ ટ્યૂબરકોલોસિસ નામના બેક્ટેરિયાના કારણથી પ્રદૂષિત સુક્ષ્મ કણોને જ્યારે કોઈ સ્વસ્થ વ્યક્તિ શ્વાસ મારફતે શરીરની અંદર લે છે ત્યારે તેને ટીબીની બીમારી થઈ જાય છે.



તમામ વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે રમત-ગમત વિશે જાણતાં થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. દેશનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ખેલમહાકુંભ ૨૦૨૨ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જે અંતર્ગત ગાંધીનગર શહેરમાં ટેક્વોન્ડોની ખેલમહાકુંભની સ્પર્ધા કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર શહેરમાં પેથાપુર ખાતે જીલ્લાકક્ષાની ટેક્વોન્ડો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર શહેરમાંથી ભાઈઓ-બહેનો મળી કુલ ૧૫૦થી પણ વધુ રમતવીરોએ ટેક્વોન્ડો સ્પર્ધામાં ભાગ લીધો હતો ત્યારે વિદ્યાર્થીઓમાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

# ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ૨૦૨૦ના સાહિત્ય પારિતોષિક જાહેર

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સાહિત્ય અકામી દ્વારા ગુજરાતી ભાષા-સાહિત્યના વર્ષ-૨૦૨૦ના શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક જાહેર કરાયા છે.

નવલકથા, ટૂંકીવાર્તા, નિબંધ અને પ્રવાસ, કવિતા અને વિવેચન જેવા પાંચ વિભાગોમાં આ ઈનામો જાહેર કરાયા છે.

નવલકથા વિભાગમાં મનીષા ગાલાને તેમની નવલકથા વારસદાર માટે પ્રથમ, ગિરિમા ધારેખાનને તેમની નવલકથા વાયા રાવલપિંડી માટે દ્વિતિય, ઉત્તમ મેવાડાને તેમની નવલકથા અજવાળિયુ માટે તૃતિય પારિતોષિક જાહેર કરાયુ છે. જ્યારે ટૂંકીવાર્તા વિભાગમાં નીતા જોષીની ખુલ્લી હવાને પ્રથમ, ગુણવંત વ્યાસની '૧ ૩'ને દ્વિતિય, જયંત રાઠોડની ધોળી ધૂળને તૃતિય પારિતોષિક જાહેર કરાયુ છે. નિબંધ અને પ્રવાસ વિભાગમાં પ્રદિપ સંઘવીના નકતમાલ કે નકત માલિકાને પ્રથમ, અભેસિંહ બારડના કૈલાસ માનસરોવરનો ચરણ સ્પર્શને દ્વિતિય, માવજી પરમારનુ ઉડતુ ભાળ્યુ અંધારૂને પ્રથમ, કિરણસિંહ ચૌહાણના દરગોને દ્વિતિય અને સંધ્યા ભટ્ટની 'કાળચક્રની ફેરીએ'ને પ્રથમ, નીતિન ભીંગરાડિયાની આઠમો રંગ અને સળગતા સૂરજમુખીને મહેશ્વરીના મૌનના પડઘાને તૃતિય પારિતોષિક જાહેર કરાયુ છે. જ્યારે કવિતા વિભાગમાં સ્નેહી 'સમય તો થયો' કવિતાને તૃતિય પારિતોષિક જાહેર કરાયુ છે. વિવેચન વિભાગમાં દીપક મહેતા દ્વિતિય અને ડૉ. જૈમિની શાસ્ત્રીના કાવ્ય સત્રને તૃતીય પારિતોષિક જાહેર કરાયુ છે.

## ઉત્તમ મેવાડાની કૃતિ 'અજવાળિયુ' તૃતીય પારિતોષિક

પૂર્વ માહિતી અધિકારી ઉત્તમ મેવાડાની નવલકથા 'અજવાળિયુ'ને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા જાહેર કરાતા સાહિત્ય-ભાષાના પુરસ્કારોમાં તૃતીય ઈનામ પ્રાપ્ત થયુ છે.



ગાંધીનગરના ઉત્તમ મેવાડા માહિતી નિયામકશ્રીની કચેરીમાંથી ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે નિવૃત્ત થયા છે. તેઓ છેલ્લા ઘણા સમયથી સાહિત્ય અને સર્જન ક્ષેત્રે સક્રિય રીતે કાર્યરત રહ્યા છે. ઉત્તર ગુજરાતના નાનકડા ગામ ટાકરવાડાના વતની ઉત્તમ મેવાડાની નવલકથા 'અજવાળિયુ' ગ્રામ્ય જીવન પર આધારિત છે. ગ્રામ્યજીવનના ધબકારોને તેમાં શ્રેષ્ઠ રીતે ઝીલાયા છે. ટૂંકી પણ રસપ્રદ એવી નવલકથા ગ્રામજીવનની સુનહરી સફર કરાવે છે. ગ્રામ્યજીવનમાં બનતા નાના-નાના પ્રસંગોને નવલકથામાં સુંદર રીતે વણી લીધા છે. 'અજવાળિયુ' નવલકથાનું મુખ્ય પાત્ર છે બાઈ. એ બાઈની ચોથી પેઢી દિલ્હીના ગુડગાંવમાં બેઠી ચાર ચાર પેઢીના પાના ખોલીને બેઠી છે. ગ્રામ્ય જીવનમાં સમાવિષ્ઠ હોય એવા ખેતરો, ખોરડાઓ, મિત્રોની ગોઠવી વગેરે તેમાં સુંદર રીતે પ્રતિબિંબિત થયા છે. ઉત્તમ મેવાડાનું આ સર્જન સાહિત્યજગત માટે નાવિન્યસભર રહ્યુ છે.



**ચિલોડા હાઈસ્કૂલ-અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ કબડ્ડી સ્પર્ધા બહેનોની ટીમ અવ્વલ અગ્રેસર**

ગાંધીનગર તાલુકાની ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળામાં બે દિવસ ભાઈ-બહેનોની અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ કબડ્ડી સ્પર્ધા યોજાઈ. જેમાં બીજા દિવસે બહેનોની અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ કબડ્ડી સ્પર્ધામાં બંને ટીમે પ્રથમ નંબર પ્રાપ્ત કરી અગ્રેસર રહી. પરિણામે શાળાના વ્યાયામ શિક્ષક અને માર્ગદર્શક પી.જે. પટેલે બંને ટીમને અભિનંદન પાઠવ્યા હતા. અન્ડર-૧૪માં બીજો ક્રમ સહજાનંદ એચીવર અને અન્ડર-૧૭માં સાબરમતી હિન્દી શાળાએ પ્રાપ્ત કર્યો હતો. મુખ્ય મહેમાનપદે રાજ્ય મહિલા વિંગના પ્રમુખ કોમલબેને હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

## સેક્ટર-૨૬ કિસાનનગર ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૪

આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તો ગુજરાત એનસીસી ગ્રુપ દ્વારા શહિદોને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં સેક્ટર-૨૬ કિસાનનગરના કોર્પોરેટર, સિનિયર સિટિઝનો તેમજ સોસાયટીના રહીશો ઉપસ્થિત રહ્યા હતા. શહીદ જવાનોના પરિવારોને સ્મૃતિચિહ્ન આપવામાં આવ્યુ હતુ. શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ કોઈ ભાવવિભોર બન્યા હતા.

# અધિક મદદનીશ ઈજનેર માટે બીઈ સિવિલ ડિગ્રી ધારકોને બાકાત રખાતા વિરોધ પ્રદર્શન

ગાંધીનગરના સેક્ટર-૮ ખાતેના બગીચામાં આજે સિવિલ ઈજનેરીના સ્નાતક વિદ્યાર્થીઓએ એકઠાં થઈને દેખાવો યોજ્યાં હતા. સિવિલ ઈજનેરી વિદ્યાર્થીઓએ પંચાયત વોર્ડ દ્વારા અધિક મદદનીશ ઈજનેર-સિવિલની ભરતી પ્રક્રિયા હાથ ધરી છે તેમાં થયેલા અન્યાય સંદર્ભે આ દેખાવો કર્યા હતા. આ વિરોધ પ્રદર્શનમાં રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં બીઈ સિવિલ ડિગ્રી ધારકો ઉમટી પડ્યા હતા. આજે ગાંધીનગરના સે. ૮ ખાતેના બગીચામાં રાજ્યભરમાંથી સિવિલ ઈજનેરી શાખાના સ્નાતક ડિગ્રી ધારકો ઉમટી પડ્યા હતા. જેઓએ પંચાયત બોર્ડ દ્વારા જાહેરાત ક્રમાંક ૧૩/૨૦૨૧-૨૨ના અન્વયે અધિક મદદનીશ ઈજનેર (સિવિલ)ની ભરતી પ્રક્રિયામાં બેચલર ઓફ સિવિલ એન્જિનીયરીંગના ડિગ્રી ધારકોને તક ના મળવાથી થયેલા અન્યાય અંગે વિરોધ પ્રદર્શન હાથ ધર્યુ હતુ. આ ઉમેદવારોના જણાવ્યા અનુસાર ઉક્ત જાહેરાતમાં ડિપ્લોમાં ઈન સિવિલ એન્જિનીયર અને ડિપ્લોમા ટુ ડિગ્રી ધરાવતા ઉમેદવારોને જ તક આપવામાં આવી છે પરંતુ બીઈ સિવિલની ડિગ્રી ધરાવતા ઉમેદવારોને બાકાત રખાયાં છે. ડિગ્રી ધારકોની માંગ છે કે તેમને પણ આ પરીક્ષા આપવા માટેની સમાન તક પુરી પાડવામાં આવે.



## સંકુલ-સાદરામાં વિશ્વ ક્ષય દિવસ ઉજવાયો

સંકુલ-સાદરાના આરોગ્યકેન્દ્રના તબિબિ અધિકારી ડૉ. નયનેશ વસાવાએ વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે ૩૬૦ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને સરદાર ઉપાસના મંદિરમાં પાવર પ્રેઝન્ટેશન દ્વારા ક્ષયરોગ થવાનાં કારણો, ક્ષયરોગનાં લક્ષણો, ફેલાવો, સરકારશ્રી દ્વારા આપવામાં આવતી વિનામૂલ્યે સારવાર તેમજ ક્ષય(ટી.બી.) અટકાવવાના ઉપાયો અંગે માહિતગાર કરવામાં આવ્યા. સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન મુજબ સમગ્ર કાર્યક્રમનું આયોજનમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુ અને ડૉ. દિવ્યેશ ભટ્ટ દ્વારા આયોજન કરાયો.

